ગાંધીનગર સમાચાર

**સેક્ટર-૨૧ જીમખાના ક્રિકેટ મેદાનને રાષ્ટ્રીયકક્ષાનું બનાવાશે**



પાટનગરમાં પાનખરનો પ્રારંભ....

# આજે મનપાનું ૨૦૧૭-૧૮નું ડ્રાફ્ટ બજેટ

## મ્યુનિ. કમિશનર બીજીવાર તેમનું ડ્રાફ્ટ બજેટ સ્થાયી સમિતિ સમક્ષ રજુ કરશે : સફાઈવેરો, શિક્ષણવેરાના દરમાં વધારો સૂચવવા ઉપરાંત નવા આવકના સાધનો પણ ઉભા કરાશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર મહાનગર પાલિકાના કમિશનર ડી.એન. મોદી આજે સ્થાયી સમિતિ સમક્ષ ૨૦૧૭-૧૮ના વર્ષનું ડ્રાફ્ટ બજેટ રજુ કરશે.

બપોરે ૩ વાગે મળનારી સ્થાયી સમિતિ સમક્ષ આ ડ્રાફ્ટ બજેટ રજુ કરવામાં આવશે. કમિશનર દ્વારા આ બજેટમાં શહેરની સ્વચ્છતા માટેના ખર્ચના ભારણને પહોંચી વળવા માટે સફાઈવેરામાં વધારો કરે તેમજ શિક્ષણ કરની રકમમાં પણ વધારો સૂચવે તેમ મનાઈ રહ્યું છે. તેઓ બીજીવાર મનપાનું ડ્રાફ્ટ બજેટ રજુ કરનાર છે.

આ ઉપરાંત કમિશનર દ્વારા આવકના સ્ત્રોતોમાં વાઈ-ફાઈ સીટી બનતાં લગાવેલા સાઈનેઝ બોર્ડમાંથી પણ ૧.૫૦ કરોડ જેટલી આવકનો અંદાજ રજુ કરશે. આ મોટના ભાડાના દર પણ જાહેર કરશે તેમ મનાઈ રહ્યું છે.

વહીવટીય ખર્ચમાં પણ વધારો થઈ રહ્યો છે. ત્યારે તેને પહોંચી વળવા માટે વાહન કર નાખી અને નવુ સ્ત્રોત ઉભુ કરવાની દિશામાં પણ વિચારણા કરી શકે છે. આ ઉપરાંત આગામી દિવસોમાં આકારણીની કામગીરી પણ નવેસરથી કરવી હવે જરૂરી બની હોઈ તેના માટે કેટલી જોગવાઈ કરવામાં આવે છે તેની પર લોકોની નજર છે.

વસુલાતના ક્ષેત્રમાં આ વર્ષે નોટબંધીને કારણે સારી આવક થઈ છે પરંતુ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા બિનપરંપરાગત ઉર્જા ક્ષેત્રના વિકાસનો આગ્રહ કરાઈ રહ્યો હોવાથી ડ્રાફ્ટ બજેટમાં પણ તે અંગેની જોગવાઈ કરાય તેવી શક્યતાના સંકેતો મળી રહ્યા છે.

સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત રોડ એન્જીનીયરીંગમાં પરિવર્તન માટે અંડરપાસ માર્ગનો વિકલ્પ પણ આ બજેટમાં સૂચવવામાં આવે તેવી જોગવાઈ છે. આ ઉપરાંત પર્વ-પ્રસંગોએ રાતા વિવિધ મેળાઓ માટેના સ્ટોલ્સના ભાડાના દરમાં પણ વધારો લાગુ કરવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

# એસ ટી ડેપોની વાર્ષિક ૧૮ કરોડ આવક ગત વર્ષની સાપેક્ષમાં ૪ ટકાનો વધારો

## શહેરી સર્વિસ અન્વયે રોજ ૭૦૦ ટ્રીપ દોડે છે ગાંધીનગર અમદાવાદના રૂટ માટે ૧૦૬ બસો

ગાંધીનગર તા ૨

ગાંધીનગર એસ ટી ડેપોની આવકમાં ૪ ટકાનો વધારો થયો છે. એસ ટી ડેપોની પ્રતિવર્ષ આવક અંદાજિત રૂ ૧૮ કરોડ છે. જયારે ગત વર્ષની સાપેક્ષમાં આવકના પ્રમાણમાં ૪ ટકાનો વધારો થયો હોવાનુ પણ સુત્રોએ જણાંવ્યુ છે. હાલ ગાંધીનગર અમદાવાદ વચ્ચે રોજ એસ ટી ની ૭૦૦ જેટલી ટ્રીપો દોડવાય છે.

ગાંધીનગર એસ ટી ડેપોની આવકમાં નોંધપાત્ર વધારો થયો હોવાનુ ધ્યાને આવ્યુ છે. ગાંધીનગર અમદાવાદ વચ્ચે ખાનગી વાહનો પણ વિશેષ રૂપે દોડે છે.જયારે શહેરી બસ સેવા અંતર્ગત ડેપો દ્વારા રોજ ૭૦૦ જેટલી ટ્રીપો દોડવામાં આવે છે. જેમાં ૩૫૦ ટ્રીપ પ્રતિદિન અમદાવાદ જાય છે. જયારે આટલી જ પરત થાય છે. ગાંધીનગર ડેપો દ્વારા શહેરી બસ સેવા અન્વયે હાલ ૧૦૬ બસો રૂટમાં દોડાવાય છે. જયારે શહેરી બસ સેવા ઉપરાંત ડેપો દ્વારા વધારાના વિવિધ સરકારી કાર્યક્રમો તેમજ ધાર્મિક કાર્યક્રમમાં પણ બસોની ફાળવણી કરવામાં આવે છે. આ ઉપરાંત લગ્ન વર્ધિની આવક પણ નોંધપાત્ર રહે છે. શહેરી બસ સર્વિસ અન્વયે ડેપોને પ્રતિદિન ૪.૫૦ લાખથી ૫ લાખ સુધીની આવક થાય છે. જયારે વર્ષ દરમિયાન ડેપોને અંદાજિત રૂ ૧૮ કરોડની આવક થતી હોવાનુ પણ ડેપોના સુત્રોએ જણાંવ્યુ છે. ડેપોની આવકમાં ગત વર્ષની સાપેક્ષમાં ૪ ટકાનો વધારો થયો હોવાનુ પણ મનાઇ રહયુ છે. જો કે આવકના પ્રમાણમાં ડેપોમાં મુસાફરલક્ષી સુવિધાઓ ઉભી કરવામાં આવી નથી. ડેપોમાં મુસાફરોને ધ્યાને લઈ જરૂરી સુવિધાઓ અપગ્રેડ કરવાની અનિવાર્યતા હોવાનો પણ સુર ઉઠવા પામ્યો છે. ગાંધીનગર ડેપોને મોડેલ ડેપો બનાવાનુ સ્વપ્ર હજુ પણ સાકાર થયુ નથી. જયારે હાલ ડેપોમાં ડ્રાઈવર કંડકટરની ઘટ પ્રવર્તી હોવાનો પણ સુર ઉઠવા પામ્યો છે. ડેપોમાં ડ્રાઈવરોની ઘટના લીધે અનેકવાર ટ્રીપો રદ કરવામાં આવતી હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે. જેના લીધે બસ સેવા પણ પ્રભાવિત થતા મુસાફરો અટવાતા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.



ધ્વજા રોહણ - વિશ્વ મૈત્રીધામ બોરીજ ખાતે શ્રી વર્ધમાન ધનલક્ષ્મી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક જીનાલયની ૧૪મી વર્ષગાંઠ નિમિત્તે ધ્વજારોહણ, સ્નાત્રપુજા અને સત્તરભેદી પૂજા યોજાઈ હતી. આ ઉત્સવમાં જૈન શ્રેષ્ઠીઓ અને ભાવિકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો....

# જી ડી સી આર અંગે નિર્ણય ન લેવાતા બિલ્ડરો આગ બબુલા

## ટુંકમાં આંદોલન કરશે : ગુડા ડેવલપમેન્ટ પ્લાનના જી ડી સી આર અંગેનો મુદ્દો છેલ્લા અઢી વર્ષથી અધ્ધરતાલ

ગાંધીનગર તા ૨

ગુડા ડેવલપમેન્ટ પ્લાનના જી ડી સી આર મામલે છેલ્લા અઢી વર્ષથી નિર્ણય ન લેવાતા બિલ્ડરો આગ બબુલા બન્યા છે. આ મામલે અનેકવાર લેખિત રજુઆત કરવા છતા કોઈ પગલા લેવાતા નથી. સરકાર દ્વારા આ અંગે ત્વરિત નિર્ણય નહીં લેવામાં આવે તો બિલ્ડર એસોસિએશન દ્વારા આંદોલનની રાહ અપનાવાશે તેવી ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

ગાંધીનગર બિલ્ડર એસોસિએશનના સેક્રેટરી કીરણ પટેલે આ અંગે રજુઆતમાં જણાંવ્યા મુજબ ગુડા ડેવલપમેન્ટ પ્લાન જી ડી સી આર અંગે છેલ્લા અઢી વર્ષથી સરકારને રજુઆત કરવામાં આવે છે. આમછતા સરકાર કક્ષાએથી કોઈ નિર્ણય લેવાતો નથી. મહાનગરપાલિકાની ગત ચુંટણીમાં તત્કાલીન મુખ્યમંત્રી કક્ષાએથી આશ્વાસન પણ આપવામાં આવ્યુ હતુ. જયારે વાઈબ્રન્ટ પુર્વે નાયબ મુખ્યમંત્રીએ પણ આ મામલે ત્વરિત મંજુરી આપવાની હૈયાધારણા આપવામાં આવી હતી. આમછતા કોઈ નિર્ણય લેવાયો નથી. જેના લીધે ગુડા બહારના વિસ્તારોમાં કરોડો રૂપિયાના કામો અટવાયા છે. જયારે બાંધકામ ક્ષેત્રે સંકળાયેલા તમામ વર્ગોને બેરોજગારી તેમજ આર્થિક મુશ્કેલીનો સામનો કરવો પડે છે. જયારે હરાજીના પ્લોટોમાં સરકારે ઉંચી કિંમત વસુલ કરીને બાંધકામના નિયમોમાં આજદિન સુધી અમલવારી કરી નથી. જેના લીધે શેહેરી વિસ્તારનો વિકાસ પણ અટવાયો છે. રાજયના અન્ય શહેર રાજકોટ,સુરત , ભાવનગર સહીતના વિસ્તારોમાં જી ડી સી આર ૬ મહીના અગાઉ નક્કી કરી દેવાયો છે. જયારે પાટનગરમાં જ દિવા તળે અંધારા જેવી સ્થિતિ છે. આ મામલે ત્વરિત નિર્ણય નહીં લેવામાં આવે તો આંદોલનની રાહે ઉગ્ર કાર્યક્રમો થકી લડત અપાશે તેમ પણ એસોસિએશન દ્વારા જણાંવાયુ છે.

# જિલ્લામાં હવે આંગણવાડીની મુખ્ય સેવિકાઓ આધારકાર્ડનું કામ ટેબ્લેટ દ્વારા કરશે

## જિલ્લામાં આંગણવાડીના ૨૦ હજાર બાળકોને માર્ચના અંત સુધીમાં આધારકાર્ડ મળે તે જોવા સરકારની સૂચના

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાની આંગણવાડીના બાળકોના આધાર કાર્ડ કાઢવા માટે હવે મુખ્ય સેવિકાઓને ટેબ્લેટ આપવાનો નિર્ણય સરકારે કર્યો છે. રાજ્યમાં ૧૭૦૦થી વધુ મુખ્ય સેવિકાઓને આધારકાર્ડ માટે ટેબ્લેટ આપવામાં આવનાર છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લામાં ૧૦૬૧ જેટલી આંગણવાડીઓ કાર્યરત છે અને ૩૯ જેટલી મુખ્ય સેવિકાઓ તેમાં ફરજ બજાવી રહી છે. ૮૦ હજારથી પણ વધુ બાળકો આંગણવાડીમાં નોંધાયેલા છે.

કેન્દ્ર સરકારની સૂચના પછી આધાર કાર્ડ માટે સરકાર દ્વારા એક સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આધાર કાર્ડમાં નાના ભૂલકાંઓ

● અનુસંધાન પાન-૭ પર

# સેક્ટર-૨૧ જીમખાના ક્રિકેટ મેદાનને રાષ્ટ્રીયકક્ષાનું બનાવાશે

## ક્રિકેટ મેદાન તૈયાર કરવા નિષ્ણાંત ક્રિકેટરોનો અભિપ્રાય લેવાશે ૨૫ કરોડનો ખર્ચ થશે : માર્ચ મહીનામાં કામ શરૂ કરી દેવાશે

ગાંધીનગર તા ૨

સે-૨૧ જીમખાનામાં રાષ્ટ્રીયકક્ષાનું અને રણજીટ્રોફીની મેચ રમાય તે પ્રકારનુ ક્રિકેટ મેદાન તૈયાર કરાશે. ક્રિકેટ મેદાન સહીત ખેલાડીઓ માટે રૂમ અને પ્રેક્ષક ગેલેરી પણ નવીનરૂપથી તૈયાર કરાશે. આગામી માર્ચ મહીનામાં સ્ટેડિયમનુ કામ શરૂ કરી દેવાશે.

શહેરમાં આગવી ઓળખ ધરાવતા જીમખાના સેન્ટર રમતવીરો માટે અદમ્ય આકર્ષણનુ કેન્દ્ર છે. જીમખાના સેન્ટરમાં લોંગ ટેનિસ અને સ્વીમીંગ સહીતની વિવિધ રમતો માટે ખેલાડીઓને પ્રોત્સાહીત કરવામાં આવે છે. જયારે નજીકમાં સ્થિત જીમખાના મેદાનમાં ક્રીકેટ મેચનુ આયોજન કરવામાં આવે છે. સે-૨૧ સ્થિત આ જીમખાના ક્રીકેટ મેદાનને નવા રૂપ રંગ આપવા માટે ટુંકમાં જ કામ શરૂ કરી દેવાશે. ક્રીકેટની પીચ નવી બનાવવા માટે આંતરરાષ્ટ્રીય કક્ષાના વિષય નિષ્ણાંતોનુ માર્ગદર્શન લેવાશે. ક્રીકેટરોની પણ સેન્સ લેવાશે. જયારે ક્રીકેટ મેદાન ઉપરાંત સ્ટેડિયમ તેમજ ખેલાડીઓ માટેના નવા રૂમ પણ બનાવાશે. પ્રેક્ષક ગેલેરીમાં પણ ૧૦ હજાર જેટલા પ્રેક્ષકોનો સમાવેશ થાય તેવુ આયોજન કરાશે. આ મામલે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. જયારે આગામી માર્ચ મહીનામાં કામ શરૂ કરી દેવાશે. ક્રીકેટ મેદાનને આખરી ઓપ આપવાનુ કામ આગામી વર્ષના અંત સુધીમાં પુર્ણ કરી દેવાશે. જયારે ભવિષ્યના દિવસોમા આ મેદાન પર રણજીટ્રોફિ તેમજ આઈ પી એલ જેવી ઉચ્ચ કક્ષાની મેચ રમાશે. જીમખાના ક્રીકેટ મેદાનના નવિનીકરણનુ કામ ઘણાં સમયથી અધ્ધરતાલ છે. કાર્યયોજના તૈયાર કરી દેવાયા બાદ પણ લાંબા સમય સુધી કામ હાથ ધરાયુ નથી. ત્યારે હવે ઝડપભેર કામ પુર્ણ કરાશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે. આ ક્રીકેટ મેદાનને નિખારવા માટે અંદાજિત રૂ ૨૫ કરોડનો ખર્ચ થશે.

**ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ**

ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે

- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય

ECO GREEN™

Autoclaved Aerated Concrete Blocks

ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦

sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT · Kisan · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

**બેસણું**



અમારા પૂજ્ય પિતાશ્રી **પી.કે.પટેલ** (જોટાણાવાળા) (પૂર્વ ઉપસચિવ, સચિવાલય ગાંધીનગર)નું દુઃખદ અવસાન તા.૨-૨-૨૦૧૭ના રોજ થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા.૩-૨-૨૦૧૭ને શુક્રવારના રોજ સવારે ૮:૩૦ થી ૧૧:૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : ઉમિયા માતાજીના મંદિરનો હોલ, સિવિલ હોસ્પિટલ પાસે, સેક્ટર-૧૨, ગાંધીનગર. મો.૯૮૯૮૪૯૪૧૧૧, ૦૭૯-૨૩૨૨૪૨૯૮

હિરેનભાઈ પી.પટેલ (પુત્ર)
ચંદ્રિકાબહેન પી.પટેલ (પત્ની)
ધરીતા હિરેન પટેલ (પુત્રવધુ)
ધારા પી.પટેલ (પુત્રી)
કેયુરકુમાર આર. પટેલ (જમાઈ)

ફર્મ : શ્રી ક્રિષ્ણા જ્વેલર્સ, સે.૨૧, ગાંધીનગર
ગોવિંદભાઈ કે.પટેલ (ભાઈ)
સ્વ.શાંતિભાઈ કે.પટેલ (ભાઈ)

નોંધ :- પિયર પક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે રાખેલ છે.

**ચતુર્થ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



**સ્વ. જયાબા કેસરીસિંહ વાઘેલા**

સ્વ. તા. ૩/૨/૨૦૧૩

તમે હતાં તો અમને હૂંફ હતી, તમારી હયાતી અમારું આત્મબળ હતું. તમારા કાર્યો અમારી પ્રેરણા હતી, તમારી પ્રેરણા અને વાત્સલ્યનું ઝરણું વહી રહ્યું છે... જેમાંથી આચમન ભરી અમે ઉત્કર્ષના માર્ગે આગલ વધી શકીએ.. આપના ગુણોને અનુસરીએ એ જ હોઈ શકે અમારી પુષ્પાંજલિ

કેસરીસિંહ ગોબરસિંહ વાઘેલા (૮૧૫૬૦૦૫૨૪૬)
અમરીષસિંહ કેસરીસિંહ વાઘેલા — પ્રવિણસિંહ ચંદનસિંહ વાઘેલા
ધવલસિંહ કેસરીસિંહ વાઘેલા — પૃથ્વીરાજસિંહ કેસરીસિંહ વાઘેલા

www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ®**

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com